

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*છીંડું જોઈ, લાભ જોઈ, પ્રેમી પુતિન, પેસી ગયા !*
*કઠપૂતળાં સંસદે શી-જિન-પિંગ બેસી ગયા !*
*કરે ઐસી-તૈસી સત્તા, બહુમત - પ્રજામતની -*
*સંઘ જેવી સંસ્થામાં શિફતને દબાવી બેસી રહ્યા !*

### હાઈકુ

*પેટા ચૂંટણી,*
*આપે શુભ સંકેત -*
*રચો મોરચો !*

*પૂરો કાયદા !*
*બેન્ક તબેલા ખાલી -*
*ઘોડા વિદેશ*

### ચિંતન

*યત્ર ત્રયં ત્રયો લોકાઃ પવિત્રં તત્સમં ભુવિ ।*
*નાન્યદસ્તિ શુભાપાંગૌંતેને દમ ભિરાધ્યતે ॥*

**ઉપરોક્ત શ્લોક વાલ્મિકી રામાયણમાંથી લેવામાં આવેલ છે.**

**પોતાના માતાપિતા તથા ગુરુની સેવા કરવાથી મનુષ્યનો ધર્મ, અર્થ અને કામ, એ ત્રણે પુરુષાર્થની પ્રાપ્તિ થાય છે. એટલું જ નહિં, પરંતુ ત્રણ લોકમાં રહેલા દેવોનું પૂજન કર્યાનું ફળ મળે છે, કેમ કે, પૃથ્વીને વિષે પોતાના માતાપિતા તથા ગુરુની સેવા કરવા સમાન બીજા કોઈ પણ પુણ્ય નથી. માટે મનુષ્ય તેઓની સેવા કરવી જોઈએ.**

**વાલ્મિકી અને તુલસીકૃત 'રામચરિત' માં દરેક ચોપાઈમાં ગુરુ - માતાપિતા અને પિતૃઓની પૂજાનું ખૂબ જ મહત્ત્વ છે આપણી દરેક ધર્મક્રિયાઓ પણ ગુરુ - પિતૃપૂજન મહત્ત્વનું સ્થાન ધરાવે છે.**

### સુવિચાર

- જબ તક હોંસલા નહીં હોગા, એક ભી ફૈંસલા નહીં હોગા - **ઈકબાલ પટેલ**
- પાણી મર્યાદા તોડે તો 'વિનાશ' અને વાણી મર્યાદા તોડે તો 'સર્વનાશ' - **એસ. ભટ્ટાચાર્ય**
- જે શાસ્ત્રથી વિરુદ્ધ વર્તન કરે છે, તેને શસ્ત્રો કે શાસ્ત્રોનો સમાનો કરવો પડે છે - **વિદુરનીતિ**
- મંઝિલને ઢૂંઢવા દિશાઓ કપરી જવું પડે, છોડી જૂનું નવી નગરી જવું પડે,
  યુગોથી મીટ માંડવી તપ એનું નામ છે, શ્રીરામને જમાડવા શબરી થવું પડે - **રવિ ઉપાધ્યાય**
- સત્કર્મ માટે વપરાય તે લક્ષ્મી અને પ્રભુકાર્યાર્થ વપરાય તે મહાલક્ષ્મી - **બોધિવૃક્ષ**
- જીવન ઉન્નતિનાં ત્રણ સૂત્ર : છોડવા જેવો કુસંગ, કરવા જેવો સત્સંગ,
  અને અંતે થવા જેવું નિઃસંગ - **ધર્મલોક**
- આજનું ઔષધ : ખસખસમાં આર્યન હોય છે જેનાથી લોહીની ઊણપ દૂર થાય છે.

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

જીવનમાં સફળ થવું હોય તો દરેક ક્ષણને પડકાર ગણી લડી લો.

ઈંગ્લેન્ડના વિખ્યાત સાહિત્યકાર બેન જોન્સન જયારે માંડ વીસ વર્ષના હતા ત્યારે તેમના પિતા મૃત્યુ પામ્યા. વારસામાં એકવીસ પાઉન્ડ મળ્યા. માતા તો પહેલેથી ન હતા. કપરા સંજોગોમાં 'શિક્ષણ જોઈએ છે.' એવી જાહેરાત છાપામાં છપાયેલી જોઈને તેમણે અરજી કરી.

સાતેક દિવસ પછી આચાર્યએ જોન્સનને રૂબરૂ મુલાકાત માટે બોલાવ્યો. બેન જોન્સન દેખાવમાં એટલો બધો કદરૂપો હતો કે આચાર્યએ તેને રૂબરૂ જોઈને કહેવું પડ્યું કે મિ. જોન્સન તમને હું શિક્ષક તરીકે નોકરી આપી શકું તેમ નથી. કેમ કે તમે ખૂબ કદરૂપા છો. અને વિદ્યાર્થીઓ તમને જોઈને જ ડરીને વર્ગમાંથી ભાગી જશે.

આચાર્યની વાતથી બેન જહોન્સનની જગ્યાએ બીજો કોઈ હોત તો ભાંગી પડત. પણ જોન્સન હતાશ થાય તેમ ન હતો. એણે આચાર્યને કહ્યું, 'ભલે મને અહીં શિક્ષક તરીકેની નોકરી ન મળે તો કદાચ આનાથી વધુ સારી તક ઊભી કરવા માટેની આ એક તક પણ બની રહેશે.' આમ નાસીપાસ થવાની જગ્યાએ એમણે સાહિત્યવૃત્તિ પર ધ્યાન કેન્દ્રિત કર્યું અને તે પછી સતત ચાલીસ વર્ષ સુધી ભવ્ય સાહિત્યનું સર્જન કર્યું અને વિશ્વના મહાન સાહિત્યકાર તરીકે સ્થાન પ્રાપ્ત કર્યું.

# ગુજરાતનું ગૌરવ હણાય છે

**તંત્રીસ્થાનેથી...**

ગુજરાતને મોડેલ સ્ટેટ તરીકે રજૂ કરાતું હોય ત્યારે સ્વાભાવિક રીતે જ ગુજરાતના પ્રતિનિધિઓ પાસે નમૂનારૂપ આદર્શ વ્યવહારની અપેક્ષા રહે. પરંતુ આપણી આ અપેક્ષાઓને વારંવાર આંચકો આપતા રહેવાનું જાણે ચૂંટાયેલા ધારાસભ્યોને કોઠે પડી ગયું છે. વિધાનસભામાં ગાળાગાળી અને છૂટા હાથની મારામારીનાં દૃશ્યો જોઈને પહેલાં એમ જ લાગે કે આ કોઈ બોલીવૂડની ફિલ્મનો એપિસોડ હશે. લેખકો અને સિનેસર્જકો આવા ઉશ્કેરાટભર્યા પ્રસંગો ઉમેરીને એમની કૃતિને વધુ મનોરંજક અને મસાલેદાર બનાવતા હોય છે. પરંતુ બુધવારે ગુજરાત વિધાનસભામાં જે એપિસોડ ભજવાયો તે વાસ્તવિક હતો. કોંગ્રેસના ધારાસભ્ય પૉઈન્ટ ઑફ ઑર્ડર ઉઠાવવા માગતા હતા અને ભારતીય જનતા પાર્ટીના ધારાસભ્યો અભદ્ર ભાષાપ્રયોગ કરી કોંગ્રેસના યુવા ધારાસભ્યોને આગામી ક્ષણો દરમિયાન પરાક્રમી દશ્ય પ્રેરી રહ્યા હતા, એવી રજૂઆતમાં તથ્ય હોય તો પણ વિધાનસભાના ફ્લૉર પર જે મચ્છી બજાર બ્રાન્ડ હૂંસા-તૂંસી અને તૂતૂ - મૈં મૈં થઈ તેની કોઈ પણ ગુજરાતી મતદાતાનું માથું શરમથી ઝૂકી જવું જોઈએ. એથી કોઈ પાર્ટી કરતાં ગુજરાતની જ ઈમેજ ખરડાઈ છે એમાં બે મત નથી. પોતપોતાની પાર્ટીના બચાવમાં ઊતરેલા નેતાઓ વામણા લાગે છે. એમણે આ મુદ્દે એક અવાજમાં બોલવું જોઈતું હતું. કોંગ્રેસના ત્રણ ધારાસભ્યો પૈકી બે જણને ત્રણ વર્ષ માટે અને એક જણને એક વર્ષ માટે સસ્પેન્ડ કરાયા છે તે વિષે મતમતાંતર હોઈ શકે. વિધાનસભાના અધ્યક્ષે આવી આકરી સજા કરતાં અગાઉ પરિસ્થિતિનું તટસ્થ આકલન કરવાની જરૂર હતી. જયારે રાજયસભાની ચૂંટણી ચાલી રહી છે ત્યારે તો આવું પગલું ભરતા પહેલાં બે વાર વિચારવું જોઈતું હતું. વિધાનસભા એ ગુજરાતની પ્રજાની શ્રદ્ધા અને અપેક્ષાઓનું પવિત્ર મંદિર છે. એમાં આ પ્રકારની ઘટના બને તો પ્રજાનું જ અપમાન બલકે વિશ્વાસઘાત છે. ધારાસભ્યોને એમની જ્ઞાતિ કે સમાજમાં એમના પ્રભાવના જોર પર ટિકિટો આપતાં પહેલાં એમની અંગત લાયકાતનો પણ ખ્યાલ રાખવો જોઈએ. જો કે જ્ઞાતિવાદનો પોષવામાં અને જીતી શકે એવા જ ઉમેદવારને ટિકિટ આપવાની કૂટનીતિમાં ઉમેદવારની માણસ તરીકેની સલૂકાઈ કે બંધારણ વિશેના જ્ઞાનની ચકાસણી કરવાનું તો કોઈ પાર્ટીને કયારેય સૂઝતું જ નથી. આથી વરસોવરસ વિધાનસભા હોય કે સંસદ - એમાં પસંદ કરાતા ઉમેદવારો અગાઉના નેતાઓને સારા કહેવડાવતા આવ્યા છે. ધારાસભ્ય પાસે કેવી ઊંચી અપેક્ષા હોય! એને ઠેકાણે જયારે એને ગાળાગાળી કરતો કે માઈક તોડીને કોઈને મારવા દોડતો જોઈએ ત્યારે આપણે પ્રજા તરીકે કેટલા વામણા બની ચૂક્યા છીએ એનો અહેસાસ થયા વગર નથી રહેતો. જેમ જેમ ચૂંટણી માટેનાં ધોરણો નીચાં ઊતરતાં ગયાં તેમ તેમ ધારાસભામાં કોઈ પણ કક્ષા વગરના અને ફક્ત મની કે મસલ પાવર અથવા જ્ઞાતિબળથી ચૂંટાઈ આવતાં અનિષ્ઠ તત્ત્વોનો ભરાવો થતો રહ્યો છે. આ પરિસ્થિતિ સુધારવી હશે તો સત્તાને જ અંતિમ લક્ષ્ય રાખવાનો બદલે સહચિંતન દ્વારા બંધારણમાં જરૂરી સુધારો કરી શિષ્ટતા અને સંસ્કારિતા ધરાવતા ઉમેદવારો જ પસંદ કરાય એવી વ્યવસ્તા કરવી પડશે. વિધાનસભામાં બનેલી આ ઘટના ફરી વાર રિપીટ ન થાય તેનું ધ્યાન રાખવાની ફરજ બેઉ રાજકીય પક્ષોના વરિષ્ઠ નેતાઓની છે.

# પ્રાચીન ભારતની વંદનીય નારી પ્રતિભાઓ



## અમર વારસો

ડૉ. રશ્મિકાન્ત મહેતા

હમણાં જ ૮મી માર્ચે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કરવામાં આવી. આ નિમિત્તે પ્રાચીન ભારતના પૌરાણિક યુગની નારી પ્રતિભાઓનું સ્મરણ આવશ્યક છે.

આ શ્લોક જાણીતો છે -

અહલ્યા દ્રૌપદી તારા સીતા મંદોદરી તથા ।
પંચકલ્યા સ્મરેત્ નિત્યં મહાપાતનાશનમ્ ॥

આની પહેલી પંક્તિ બીજી રીતે પણ મળે છે.

અહલ્યા દ્રૌપદી તારા કુન્તી મંદોદરી થતા અહલ્યા, દ્રૌપદી, તારા,સીતા તથા કુન્તી, અને મંદોદરી.

- આ પાંચ કન્યાઓને કાયમને માટે સ્મરણમાં રાખવી. એનાથી પાપ ગમે તેટલા મોટા હોય, તો પણ એનો નાશ થઈ જાય છે.

ભાવાર્થ એટલો છે - આ પાંચ ને કાયમને માટે સ્મરણમાં રાખ્યા હોય, તો પાપ તરફ જવાની પ્રેરણા જ થતી નથી, અથવા પાપ તરફ ગતિ થઈ હોય, તો પણ અટકી જાય છે.

ભક્તિનાં નવ ક્રમશઃ સોપાનો છે. એમાં ત્રીજા સ્થાને છે - સ્મરણ. દર્શન, કીર્તન અને પછી સ્મરણ.

આ પાંચ માટે અહીં 'કન્યા' શબ્દ છે. એમનો વૈવાહિક દરજ્જો 'પત્ની'નો છે. પરંતુ એમનું કન્યાપણું સચવાયેલું છે. ભારતીય પરંપરામાં સારા શુકનોની યાદીમાં કન્યાનો સમાવેશ છે. પ્રસ્થાન સમયે માત્ર કન્યાનાં દર્શનથી જ અભીષ્ય કાર્ય સિદ્ધ થઈ જાય છે; એવી માન્યતા છે. દર્શન જો આટલું પવિત્ર હોય, તો સ્મરણ તો હોય જ. શબ્દકોશ મુજબ, 'કન્યા'નો એક અર્થ ભગવતી દુર્ગા



છે. ઈન્દ્ર વગેરે દેવો ભગવતી દુર્ગાની સ્તુતિ કરે છે, તેમાં કહે છે (શક્રાદયઃ સ્તુતિ-૧૭) દુર્ગે સ્મૃતા હરસિ ભીતિમશેષ જન્તો : । હે દુર્ગા, બધા પ્રાણીઓમાંથી કોઈ પણ તારું સ્મરણ કરે; તો તું તે સૌ કોઈનાં આપત્તિ વગેરેના ભયને સંપૂર્ણપણે દૂર કરી દે છે. એના દેહમાં કે વ્યક્તિત્વમાં કુરુપતા બિલકુલ ન હતી તેથી લોકો અને 'અહલ્યા' કહેતા. બ્રહ્માની આ માનસપુત્રી હતી. એને સંયોગવશાત્ મહર્ષિ ગૌતમનો શાપ આવી પડ્યો હતો. શ્રીરામને કારણે એ શાપ મુક્ત થઈ. એની તપસ્યા વિષે જાણીને રામલક્ષ્ણમે એને ચરણસ્પર્શ કરીને, પ્રણામ કર્યા.

દ્રુપદ રાજાએ યજ્ઞ કર્યો, એના પવિત્ર અગ્નિમાંથી કન્યા પ્રગટી, એ દ્રૌપદી હતી. અગ્નિકન્યા હતી, એથી કૃષ્ણા હતી. આમ પણ શ્રીકૃષ્ણને તેના માટે નાની બહેન જેવો સ્નેહ હતો. એ ઈન્દ્રપત્ની શચીનો અવતાર હતી. એકવાર મધરાતે મુનિ દુર્વાસાએ ભોજનની દક્ષિણા માગી, તો પ્રેમથી જમાડ્યા.

સીતા ધરતીમાંથી પ્રગટી હતી. એના ઉપર અગ્નિદેવની કૃપા હતી. એની પવિત્રતાની સાક્ષી પૂરવા એ હાજરાહજૂર રહે. એના કહેવાથી અગ્નિ હનુમાન માટે શીતળ બની જાય. એ રાવણ જેવા મહાપરાક્રમી અને ઘમંડીને કહી દે - 'તું તે, શિયાળ છો, અને હું સિંહણ છું.'

એ પૃથ્વીમાંથી પ્રગટી હતી, એથી પૃથા હતી. પરંતુ એના કાકા કુન્તીભોજે દત્તક લીધી, એટલે કુન્તી તરીકે ઓળખાઈ. એને સંતાન પ્રાપ્તિમાં દેવોની કૃપા નિમિત્તરુપ બની હતી. એ સમતાનું ઉત્તમ ઉદાહરણ હતી. કૌરવોએ પાંડવો સાથે જે કાંઈ કર્યું, પણ તેણે ગાંધારીનો સાથ છેવટ સુધી ન છોડ્યો.

પુરુષ પોતાના અહંકારને કારણે ઉમદા ચરિત્ર વાળી પત્નીની સલાહ સ્વીકારતો નથી. અને પોતાની જાતે પોતાનો વિનાશ નોતરી બેસે છે. તારાની બાબતે આવું થયું. દ્વંદ્વ યુદ્ધમાં જતા પહેલા એણે વાલીને સલાહ આપી - 'શ્રીરામ સાથે વિરોધ છોડીને સુગ્રીવને ગળે લગાવો.'



તે ન માન્યો.

મંદોદરીએ પણ રાવણને સલાહ આપી - 'સીતા, શ્રીરામને સોંપી દો. રામ તમને માફ કરી દેશે.' તે ન માન્યો.

પ્રાચીન ભારતની આ પ્રતિભાશીલ નારીઓને આ નિમિત્તે પ્રણામ.

# સૂરજકુંડનો વિશ્વ પ્રસિદ્ધ શિલ્પ મેળો કયા મહિનામાં ભરાય છે?

## ભારતની ભૂગોળ

૧ સારિકા અભ્યારણ્ય કયા રાજયમાં આવેલ છે ?
(અ) ગુજરાત (બ) રાજસ્થાન
(ક) મધ્યપ્રદેશ (ડ) મહારાષ્ટ્ર

૨ ભારતનું સૌથી મોટું ઈન્ડિયન મ્યુઝિયમ કયા સ્થળે આવેલ છે?
(અ) દિલ્હી (બ) લખનૌ
(ક) હૈદરાબાદ (ડ) કોલકાત્તા

૩ કુમ્મી કયા રાજયનું લોકનૃત્ય છે?
(અ) ઓરિસ્સા (બ) કેરળ
(ક) તમિલનાડુ (ડ) કર્ણાટક

૪ ભારતમાં સૌથી વધુ સોનાનું ઉત્પાદન કયા રાજયમાં થાયછે ?
(અ) મહારાષ્ટ્ર (બ) કર્ણાટક
(ક) ઓરિસ્સા (ડ) ઉત્તરાખંડ

૫ ભારતમાં સૌથી ઓછા સડક માર્ગોનું પ્રમાણ કયા રાજયમાં છે ?
(અ) સિક્કિમ (બ) નાગાલેન્ડ
(ક) અરુણાચલ પ્રદેશ (ડ) ત્રિપુરા

૬ કર્કવૃત્ત નીચેનામાંથી કયા રાજમયાં પસાર થતો નથી?
(અ) ગુજરાત (બ) મધ્યપ્રદેશ
(ક) ઝારખંડ (ડ) અરુણાચલ પ્રદેશ

૭ ભારતનું કયા શહેરનું શાક માર્કેટ એશિયાનું સૌથી મોટું શાક માર્કેટ છે ?
(અ) મુંબઈ (બ) અમદાવાદ
(ક) દિલ્હી (ડ) કોલકાત્તા

૮ ભારતનું સૌથી સમૃદ્ધ મંદિર કયું છે ?
(અ) તિરુપતિ બાલાજી (બ) સોમનાથ
(ક) સાંઈધામ શિરડી (ડ) અક્ષરધામ દિલ્હી

૯ ભારતનું સૌથી મોટું કૃત્રિમ સરોવર કયું છે ?
(અ) ઈન્દિરા સાગર (બ) સરદાર સરોવર
(ક) ગોવિંદ સાગર (ડ) રાજ સમંદર

૧૦ ગુજરાત પછી કયું રાજય સૌથી લાંબો દરિયા કિનારો ધરાવે છે?
(અ) આંધ્રપ્રદેશ (બ) મહારાષ્ટ્ર
(ક) કર્ણાટક (ડ) તમિલનાડુ

૧૧ ભારતનું સૌ પ્રથમ સિમેન્ટનું સફળ કારખાનું કયાં સ્થાપવામાં આવ્યું હતું ?
(અ) પોરબંદર (બ) ઈડર
(ક) સેવાલીયા (ડ) ભરતપુર

૧૨ સૂરજકુંડનો વિશ્વ પ્રસિદ્ધ શિલ્પ મેળો કયા મહિનામાં ભરાય છે ?
(અ) ડિસેમ્બર (બ) જાન્યુઆરી
(ક) ફેબ્રુઆરી (ડ) માર્ચ

૧૩ સિંદરી રાસાયણિક ખાતરનું કારખાનું કયા રાજમયાં આવેલ છે ?
(અ) હિમાચલ (બ) ઉત્તરાખંડ
(ક) ઝારખંડ (ડ) ઉત્તરપ્રદેશ

૧૪ જાણીતી મયૂરાક્ષી નહેર કયા રાજયમાં આવેલી છે?
(અ) પંજાબ (બ) હરિયાણા
(ક) બિહાર (ડ) પશ્ચિમ બંગાળ

૧૫ ઈન્દ્રાવતી વાઘ સંરક્ષિત ક્ષેત્ર કયા રાજયમાં આવેલું છે ?
(અ) મધ્ય પ્રદેશ (બ) છત્તીસગઢ
(ક) રાજસ્થાન (ડ) ઉત્તરપ્રદેશ

## વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા મહાનુભાવોના જન્મ દિવસ**

- **૧૩ માર્ચ ૧૯૦૯ : નાથાલાલ ના. દેસાઈ** : અમદાવાદ જિલ્લાના સાણંદ તાલુકાના ચામરવાડી વાસણા ગામમાં જન્મ થયો હતો. નિષ્ઠાવાનદ, નેકદિલ અને અનોખા લોકપ્રિય શિક્ષક હતા. બી.એ. અને ત્યારબાદ બી.એસ.સી. તથા એસ.ટી.સી.ની લાયકાત મેળવી ૧૯૩૧માં અમદાવાદમાં શિક્ષક બન્યા. કડી સર્વ વિદ્યાલયમાં આચાર્ય તરીકે સેવા બજાવી ને કેળવણીનું ધામ બનાવ્યું. શ્રેષ્ઠ શિક્ષક તરીકે રાષ્ટ્રીય એવોર્ડ મેળવ્યો.
- **૧૮ માર્ચ ૧૯૩૮ : શશી કપૂર** : ફિલ્મ અભિનેતા શૉ મેન રાજકપૂરના નાનાભાઈ. મૂળ નામ બલવીર રાજ. ૨૦૦ જેટલી નાની મોટી ફિલ્મોમાં કામ કર્યું. અમિતાભ બચ્ચન સાથે દિવાર, કભી-કભી, ત્રિશૂલ જેવી યાદગાર ફિલ્મો આપી.
- **૧૯ માર્ચ ૧૮૧૩ : ડેવિડ લિવિંગ્સ્ટન** : સ્કોટલેન્ડમાં જન્મ. આફ્રિકાની અવનવી માહિતી પ્રગટ કરનાર સંશોધક. આફ્રિકાનો પ્રવાસ કરી વિકટોરીયા ધોધ અનેક સરોવરો શોધી કાઢ્યા. નાઈલ નદીનું મૂળ શોધવા માટે નીકળ્યા. પણ પહોંચી શક્યા નહીં અકાળે ૧-૫-૧૮૭૩માં અવસાન થયું.
- **૨૦ માર્ચ ૧૮૯૮ : વિશ્વનાથ મ. ભટ્ટ** : જાણીતા સાહિત્યકાર, ઉમરાળામાં જન્મ થયો હતો. સાહિત્યક્ષેત્રે વિવેચન, સંપાદન, અનુવાદ અને ચરિત્ર વગેરેમાં લેખન કાર્ય કરેલ. ૧૯૬૮માં અવસાન પામ્યા.
- **૨૧ માર્ચ ૧૯૦૭ : પુષ્પાબેન મહેતા** : ગુજરાતના અનન્ય સેવિકા. પ્રભાસ પાટણમાં જન્મ. કરુણા, નિડરતા, સાહસિકતા જેવા ગુણો વારસામાં મળેલા. પંદર વર્ષની વયે સાહિત્ય લખતા થઈ ગયા. સ્નાતક થઈ શિક્ષિકા બન્યા નાની ઉંમરે વૈધવ્ય આવ્યું. ક્રાંતિકારી ચળવળમાં જોડાયા. ભારત સરકારે 'પદ્મભૂષણ' ઈક્બાલ આપી બહુમાન કર્યું. ૧૯૮૮માં અવસાન પામ્યા.
- **૨૨ માર્ચ ૧૯૬૮ : રોબર્ટ એમિલ્બીક્ન** : ભૌતિકશાસ્ત્રી, તેનો જન્મ અમેરિકાના મોરિસનમાં થયો હતો. કોસ્મિક કિરણોની શોધ કરી વિશ્વ ખ્યાતી મેળવી. ૧૯૨૩માં નોબેલ પ્રાઈઝ મેળવ્યું. ૧૯૫૩માં હૃદય રોગના હુમલાથી મૃત્યુ થયું.

### ગત સપ્તાહના સવાલનો જવાબ

**કમ્યુનિસ્ટ પાર્ટીના કયા નેતા કે જેમણે સાદગીપૂર્ણ રીતે લાંબા સમયગાળા સુધી ત્રિપુરામાં શાસન કર્યું ?**

**જવાબ : માનીક સરકાર**

### સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો



## ખજાનો

અનિલ પટેલ

(૧) ઋજિત એમ. રાવલ : સે-૭ડી, ૧૨૨૨/૨
(૨) નટુભાઈ દરજી : પેથાપુર
(૩) જયેન્દ્રપ્રસાદ પાઠક - સે-૬
(૪) મૂળજીભાઈ પરમાર 'દધિ' : સે-૬બી
(૫) હાર્દિક એન. ભટ્ટ : સે-૨૪
(૬) મહેશ જાદવ : ગૂ. વિદ્યાપીઠ, અમદાવાદ
(૭) ધાર્મિક એસ. પટેલ : ગાયત્રી રેસી., ધોળેશ્વર પાસે
(૮) હાર્દિક મકવાણા : સે-૨૩
(૯) જીતેન્દ્ર ઠાકોર : શિહોરી મોટી

### આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

**સમાજવાદી પાર્ટીએ તાજેતરમાં જીતે ગોરખપુર સંસદીય ક્ષેત્ર પરંપરાગત રીતે તે કયા નેતાનો ગઢ હતો ?**

**'ગાંધીનગર સમાચાર'-**
**ખજાનો વિભાગ**
**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

# ધર્મ મનુષ્ય માટે હિંમત બનવો જોઈએ - ડર નહીં

આબરુ જવાનો ડર માણસને સંસ્કારીતાની લક્ષ્મણરેખા ઓળંગવા દેતો નથી. જાનવરને આબરુ જવાનો ભય નથી હોતો, જડ માણસને પણ આબરુ જવાનો ભય નથી હોતો. લોકોમાં બદનામી થશે, સમાજમાં ટીકા થશે એવા ભયને કારણે આપણે કાબૂમાં રહીએ છીએ. આપણે કોઈ પણ પ્રકારની મીસ બિહેવીયર કરતાં પહેલાં બદનામીના ભયથઈ ડરતા હોઈએ તો સમજવું કે આપણે ભીતરથી હજી ખાનદાની તો ખજાનો ખોઈ નથી નાખ્યો. આપણે જડ નથી; આપણે જાનવર પણ નથી. ભય બે પ્રકારના હોય છે. વાસ્તવિક અને કાલ્પનિક.

વાહન ચલાવતી વખતે આપણે નિયમનો ભંગ કર્યો હોય ત્યારે ટ્રાફિક પોલીસ જોઈ જશે એનો ભય લાગે છે. એ વાસ્તવિક ભય છે. આપણે કોઈ મકાનમાં બેઠા હોય અને મકાનમાં અચાનક આગ લાગી જાય, ચારે તરફ આગની જવાળાઓ પ્રસરી જાય અને આપણે બહાર નીકળી ન શકાય, ત્યારે જે ભય લાગે છે એ વાસ્તવિક ભય હોય છે. ફેમીલી સાથે પ્રવાસ જવા આપણે નીકળ્યા હોઈએ. ટ્રેનમાં રિઝર્વેશન કરાવેલું હોય, ઘરની સમયસર નીકળ્યા હોઈએ છતાં રસ્તામાં ટ્રાફિક જામને કારણે આપણે અટવાઈ ગયાં હોઈએ અને ટ્રેન ચૂકી જવાશે એવો ભય લાગે એ પણ વાસ્તવિક ભય છે. બીજી તરફ આપણે કાલ્પનિક ભય ઊભા કરીને પણ ડરતા રહીએ છીએ. મૃત્યુ પછી નરકની યાતનાઓ વેઠવી પડશે, ભૂત-પ્રેત પજવશે, દેવ-દેવી કોપાયમાન થશે વગેરે પ્રકારના ભય માત્ર અને માત્ર કાલ્પનિક છે.

મૃત્યુનો ડર : મૃત્યુ નિશ્ચિત છે. એ જાણવા છતાં મૃત્યુથી આપણે હંમેશા ડરીએ છીએ.આપણેને કોઈ ગંભીર બિમારી થઈ હોય અને ડૉકટર સ્પષ્ટ જણાવી દે કે, આપણે બે-ચાર દિવસથી વધુ જીવવાના નથી, ત્યારે આપણે ભયભીત થઈ ઊઠીએ છીએ. શું આપણને ખબર નહોતી કે એક દિવસ આપણે મરવાનું જ છે? શું આપણે જાણતા નહોતા કે મૃત્યુ ગમે તે ક્ષણે આકસ્મિક રુપે આવી શકે છે? શું આપણને ખબર નહોદતી કે આ ઘર-પરિવાર અને સ્વજનો - મિત્રોનો સંગાથ એક ક્ષણે છૂટી જ જવાનો છે? તો પણ આપણને ભય શાનો લાગે છે? કદાચ આ ભય અજ્ઞાત અને મોહમાંથી પેદા થયેલો છે. મૃત્યુ પછી આપણી કેવી ગતિ થવાની છે. એની આપણને કશી ખબર નથી. એવા અજ્ઞાતને કારણે એ ભય પેદા થયો હોય અથવા ઘર-પરિવાર વગેરે પ્રત્યે પ્રબળ મોહ હોય અને હવે એ બધું છૂટી જાય છે. એ કારણે પણ ભય પેદા થયો હોય. આ પ્રકારના ભયથી બચવાનું અશક્ય નથી. મનને ધીરે-ધીરે એવી પરિસ્થિતિ માટે સજ્જ કરતા રહેવું જોઈએ. જ્ઞાનિજનો અને વીરપુરુષો મૃત્યુથી કદી ડરતા નથી. તેઓ તો સામે ચાલીને મોતને ભેટવા જતા હોય છે. એવા લોકો મૃત્યુ પામ્યા પછી એ અમરત્વ પામે છે.



## રંગ-ઉમંગ

કાનન ઓઝા

બદનામીનો ડર : સંસારમાં એક પણ વ્યક્તિ એવો નથી જેને કશો જ ભય ન હોય. પવિત્ર અને પારદર્શક જીવન જીવનારા લોકોને પણ આક્ષેપોનો ભય લાગતો હોય છે. ગુરુનું જીવન પૂર્ણરીતે આધઅયાત્મિક અને ઉન્નત હોય. પરંતુ શિષ્ય અવળચંડો અને અપલક્ષણો હોય તો તેનાં કરતૂતોના છાંટા ગુરુને બદનામ કરે છે. ગુરુ, શિષ્યનો ત્યાગ પણ કરી શકતા નથી કે તેને અટકાવી પણ શકતા નથી. આવું ઘણી જગ્યાએ બને છે. કયારેક પિતા-પુત્રના સંબંધમાં પણ આવી વિકટ પરિસ્થિતિ આવે છે. પુત્ર ખરાબ રસ્તે ચડીને દુષ્કર્મો આચરવા લાગ્યો હોય છતાં પિતા તેને અટકાવી કે ત્યાગી ન શકતા હોય ત્યારે તેમણે બદનામી વેઠવાનો વારો આવે જ છે. એક સરકારી કર્મચારી ખૂબ જ પ્રમાણિક હતો પરંતુ તમામ સાથી કર્મચારી ભ્રષ્ટ હતા. પેલો પ્રામાણિક કર્મચારી કદીએ ખોટું કામ કરે નહીં કે બીજાઓને ખોટું કામ કરવા ન દે. સૌ તેનાથી ત્રાસી ગયા. સૌએ સાથે મળીને ષડયંત્ર ગોઠવ્યું કે તે સાચા-પ્રામાણિક માણસ પર ગંભીર આરોપ લાગી ગયા. જુઠ્ઠા પુરાવાઓ પણ મળી ગયા આખરે તેને સજા ભોગવવી પડી. 'સાચને આંચ નહીં' એવી કહેવત હંમેશા સાચી પડતી નથી. કયારેક તો આપણી સચ્ચાઈ દુનિયા સામે સ્પષ્ટ થાય તે પહેલા આપણો પરિવાર કલંકો અને કષ્ટો વેઠી ચૂક્યા હોય છે. પાછળથી લોકો માફી માંગી દિલગીરી વ્યક્ત કરે, માફી માગે કે આપણું સન્માન પણ કરે. પરંતુ એ માટે જિંદગીના અણમોલ વર્ષોની કિંમત આપણી પાસેથી ચૂકવાઈ ગઈ હોય છે.

ધર્મનો ડર : એક કડવી હકીકત એ છે કે આપણને ભયભીત કરવામાં આપણા તથાકથિત ધર્મનો ફાળો ઘણો મોટો હોય છે. મુક્તિ આપે તે ધર્મ કહેવો જોઈએ. એના બદલે શું જોવા મળે છે ? અહીં તો ધર્મ પોતે જ જાત-જાતના ભય ફેલાવી બેઠો છે. તમે આ વસ્તુ ખાશો તો પાપ લાગશે. તમે ફલાણીની આજ્ઞા નહીં પાળો તો પાપ લાગશે. તમે અમુક પ્રકારના જપ, તપ, વ્રત કે ક્રિયા નહીં કરો તો ભયંકર પાપ લાગશે, તમે ફલ-નૈવેદ્ય નહીં ધરાવો કે બાધા-આખડી નહીં કરો તો દેવ-દેવી કોપાયમાન થશે. કહેવાતા ધર્મગુરુઓ પણ લોકોને શાપ આપવાના કોપીરાઈટ લઈને બેસી ગયા છે. ડગલેને પગલે પાપનો - નર્કનો ભય ભેદા કરે એવા ધર્મની આપણને કશી જરૂર ખરી ? એક તરફ આપણે એમ કહીએ છીએ કે ઈશ્વર તો પતીતનો પાવન કરનારો છે અને બીજી બાજુ પુણ્યાત્મા દ્વારા અજાણતા થયેલી ભૂલ માટે પણ ઈશ્વર નરકની સજા કરશે એવી વાતો સાંભળીએ છીએ. એ આવી સ્થિતિમાં નાસ્તિક માણસને ખૂબ જ નિરાંત રહે છે.